સુવિચાર : પહાડ પર ચડવાનો એક નિયમ છે ઝુકીને ચાલવું... દોડવું નહીં, અને જિંદગી પણ બસ આટલું જ માંગે છે - ક્રાંતિ બીજ

તાપમાન
મહત્તમ : ૨૮.૫ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૩૯ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૦૭ | ૧૮ જાન્યુઆરી, ૨૦૧૬, સોમવાર ; પોષ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## કેજરીવાલ પર શાહી ફેંકાતા નવો વિવાદ



નવી દિલ્હી, તા.૧૭

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ઉપર એક મહિલાએ શાહી ફેંકતા નવો વિવાદ સપાટી ઉપર આવ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ છત્રસાલ સ્ટેડિયમમાં દિલ્હી સરકારનાં એક કાર્યક્રમ દરમિયાન એક મહિલાએ કેજરીવાલ પર શાહી ફેંકી હતી. એટલું જ નહીં મહિલાએ સ્ટેજ પર કાગળનાં ટુકડા પણ ફેંક્યા હતાં. ઓડ ઈવન સ્કિમની સફળતાને લઈને દિલ્હી સરકારે રવિવારે દિલ્હીની જનતાનો આભાર માન્યો હતો. આ માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસે મહિલાની અટકાયત કરી છે. દિલ્હી સરકાર અને કેન્દ્ર વચ્ચે ખેંચતાણની સ્થિતિ રહેલી છે. કેટલાક લોકો હાલ ભારે હોબાળો મચાવી રહ્યા છે તેમ દિલ્હીના કેટલાક પ્રધાનો આક્ષેપ કરી રહ્યા છે.

# ભારતે ઓસ્ટ્રેલિયા સામે વનડે શ્રેણી ગુમાવી

**મેલબોર્ન મેદાન પર પણ ઓસ્ટ્રેલિયાના બેટ્સમેનો છવાઈ ગયા : વિરાટ કોહલીની શાનદાર સદી પણ અંતે કામ ન લાગી : સતત ત્રીજી વખત ઓસ્ટ્રેલિયાએ જંગી પડકારનો પીછો કરીને સફળતા મેળવી**

મેલબોર્ન,તા. ૧૭

મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે આજે રમાયેલી અતિમહત્વપૂર્ણ વનડેમાં ઓસ્ટ્રેલિયાએ સાત બોલ ફેંકવાના બાકી હતા ત્યારે જ ભારત ઉપર ત્રણ વિકેટે શાનદાર જીત મેળવી હતી. ઓસ્ટ્રેલિયાની ભારત ઉપર જીતની હેટ્રીક સાથે જ ભારતે પાંચ વનડે મેચોની શ્રેણી ગુમાવી દીધી હતી. આની સાથે જ લાજ પણ ગુમાવી હતી. પ્રથમ બેટિંગ કરતા ભારતે નિર્ધારિત ૫૦ ઓવરમાં છ વિકેટે ૨૯૫ ૨ન બનાવ્યા હતા. પ્રારંભિક બંને વનડે મેચોમાં સદી ફટકારનાર રોહિત શર્મા છ ૨ને આઉટ થયા બાદ શિખર ધવન અને વિરાટ કોહલીની જોડી જામી ગઈ હતી અને ધવન ૬૮ ૨ન કરીને આઉટ થયો હતો. વિરાટ કોહલી ૧૧૭ બોલમાં સાત ચોગ્ગા અને બે છગ્ગા સાથે ૧૧૭ ૨ન કરીને આઉટ થયો હતો. જ્યારે રહાણે ૫૦ ૨ન કરવામાં સફળ રહ્યો હતો. ધોનીએ પણ નવ બોલમાં બે ચોગ્ગા અને બે છગ્ગા સાથે ઝડપથી ૨૩ ૨ન કર્યા હતા. સતત ત્રીજી વનડેમાં ભારતે ઓસ્ટ્રેલિયા સામે મોટો પડકાર મુક્યો હતો પરંતુ ઓસ્ટ્રેલિયાએ ટાર્ગેટને હાંસલ કરી લેવામાં સફળતા મેળવી હતી. મેક્સવેલે આજે નિર્ણાયક ભૂમિકા ભજવીને ૮૩ બોલમાં આઠ ચોગ્ગા અને ત્રણ છગ્ગા સાથે ૯૬ ૨ન કર્યા હતા જ્યારે માર્શ ૬૨ ૨ન કરીને આઉટ થયો હતો. સ્મિથે ઝડપથી ૪૧ ૨ન કર્યા હતા. ફોકનર ૨૧ ૨ન બનાવીને નોટઆઉટ રહ્યો હતો. ભારત તરફથી જાડેજા અને યાદવે બે-બે વિકેટ ઝડપી હતી. આ ઉપરાંત

● અનુસંધાન પાન-૭ પર





## નેશનલ કોન્ફરન્સ સત્તા ભૂખી પાર્ટી નથી જ : ઓમર અબ્દુલ્લા

શ્રીનગર, તા.૧૭

જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યપ્રધાન ઓમર અબ્દુલ્લાએ આજે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે નેશનલ કોન્ફરન્સ સત્તા ભુખી પાર્ટી નથી. તેમની પાર્ટી વિચારધારા સાથે ક્યારેય બાંધછોઢ કરશે નહી. રાજ્યમાં ભાજપની સાથે મળીને સરકાર બનાવવા પાર્ટી તૈયાર થઈ શકે છે તેવા ફારૂખ અબ્દુલ્લાના નિવેદન બાદ તેમના પુત્ર ઓમર અબ્દુલ્લા દ્વારા આજે આ મુજબનુ નિવદન જારી કરવામાં આવ્યુ હતુ. ઓમરે ભગવા પાર્ટીની સાથે કોઈ પણ પ્રકારના તાલમેળની શક્યતાને નકારી કાઢી હતી. તેમણે કહ્યુ હતુ કે તેમની પાર્ટી વિચારો સાથે ક્યારેય બાંધછોડ કરશે નહી.



ત્રિવેણી સંગમ - સંગીત, નૃત્ય અને સ્થાપત્યના ત્રિવેણી સંગમ સમા ઉત્તરાર્ધ મહોત્સવના સમાપન દિને ભરત નાટ્યમ, કુચીપુડી અને કથ્થક નૃત્યો પ્રસ્તુત થયા હતા. રંગબેરંગી રોશનીમાં ઝળહળતા મોઢેરા સૂર્યમંદિર પ્રાંગણમાં નૃત્યનો વિશ્વ પ્રસિદ્ધ ઉત્તરાર્ધ મહોત્સવ સફળતા પૂર્વક સંપન્ન થયો....

## સોનાની આયાતનું બિલ વધી ૨૦૧૫માં ૩૫ અબજ ડોલર

**ડિસેમ્બર ૨૦૧૫માં ૧૦૫ ટન સોનાની આયાત : હાલ સોનાની માંગ ઓછી રહેવાની સંભાવના : ચોક્કસ ગાળામાં ભારતીયો સોનાની ખરીદી કરતા નથી : અહેવાલ**

નવીદિલ્હી, તા. ૧૭

ડિસેમ્બર ૨૦૧૫માં ભારતમાં સોનાની આયાતનો આંકડો ૧૦૦ ટનના આંકડાને પાર કરી ગયો છે. આની સાથે જ વર્ષ ૨૦૧૫માં સોનાની આયાતનું બિલ ૧૨ ટકા સુધી વધી ગયું છે. આયાત બિલનો આંકડો ૩૪૯૮૧.૫૨ ડોલર સુધી પહોંચ્યો છે. આંકડા દર્શાવે છે કે, સોનાની માંગ વધી છે. વિશ્વભરમાં સોનાના ભાવ ઘટી રહ્યા છે ત્યારે સોના માટેની માંગમાં તીવ્ર ઉછાળો નોંધાયો છે. નવેમ્બર ૨૦૧૫ની સરખામણીમાં ડિસેમ્બર ૨૦૧૫માં આંકડો અનેકગણો વધી ગયો છે. ડિસેમ્બર મહિનામાં અંદાજિત આયાત ૧૦૫ ટન રહેવાની વાત હતી જ્યારે વર્ષ ૨૦૧૫માં કુલ આયતનો આંકડો ૯૦૦ ટનથી ઉપર પહોંચ્યો છે જે ૨૦૧૪ની સરખામણીમાં ૨૫ ટકા વધારે છે જ્યારે ગયા વર્ષની સરખામણીમાં સોનાની આયાતનું બિલ પણ વધી ગયું છે.




હવે મેળવો
10.01% દ.વ.*
વાર્ષિકીકૃત ઉપજ 60 મહિના મુદતની
ડીસીબી ફિક્સ્ડ ડિપૉઝિટ પર
આપની જમા રાશિને 8 વર્ષ 9 માસમાં બમણી કરો!!#
ડીસીબી બૅન્ક
સેક્ટર 16, ઘ રોડ, ગાંધીનગર
કૉલ કરેઃ 9825542026 / 9825974100 / 65730141
*કર-પહેલાની વાર્ષિકીકૃત ઉપજ દ.વ. 8.20% દરે 60 મહિના ટર્મ ડિપોઝિટ માટે ત્રિમાસિક ચક્રવૃદ્ધિ ફ્રીક્વન્સીના અનુમાન આધારે જ્યારે વ્યાજ અને મુદ્દલ મુખ્ય પરિપક્વતા પર ચૂકવવામાં આવે છે. #8.00%નાં વાર્ષિક વ્યાજ દરે અને સંચિત વિકલ્પ પર પૂર્વ ટીડીએસ. નિયમો અને શરતો લાગુ. આ વ્યાજ દરો 9 નવેમ્બર, 2015 થી લાગુ રહે છે અને કોઈપણ પૂર્વ સૂચના વિના ફેરફારને આધીન છે.
DCB Bank Limited
DCB BANK


## જાન્યુઆરીના અંત સુધીમાં નાના કરદાતાને ૧૧૪૮ કરોડ રિફંડ અપાશે

નવીદિલ્હી, તા. ૧૭

આવકવેરા વિભાગ દ્વારા આ મહિનાના અંત સુધીમાં નાના કરદાતાઓને ૧૧૪૮ કરોડ રૂપિયા રિફંડ જારી કરવામાં આવશે. આ મહિનાના અંત સુધી ઓછી રકમ ચુકવાશે. જો કે, રિફંડની જંગી રકમ બાકી રહેલી છે. લોકોની ફરિયાદો અને તકલીફને ઓછી કરવાના હેતુસર આ નિર્ણય લેવામાં આવ્યો છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ (સીબીડીટી) દ્વારા સંબંધિતોને ૩૧મી જાન્યુઆરી સુધી ૧૧૪૮.૧૪ કરોડને આવરી લેતા ૬૪૯૩૮ પેન્ડિંગ કેસોમાં રિફંડ આપી દેવા સૂચના આપી દેવામાં આવી છે.

૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ના કરવેરા મુલ્યાંકન વર્ષમાં કેસના વ્યક્તિગત રિફંડની રકમ રહેલી છે તે મામલાને પહેલા હાથ ધરવામાં આવશે. સીબીડીટીના ચેરમેન એકે જૈન દ્વારા હાલમાં જ ઓલઈન્ડિયા ડિપાર્ટમેન્ટની બેઠક યોજવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, પેન્ડિંગ રિફંડની બાબત ખુબ જ મહત્વપૂર્ણ છે. જલ્દીથી નિર્ણય લેવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી. આઈટી વિભાગનું કહેવું છે કે, આ મામલામાં છેલ્લા ઘણા સમયથી ચર્ચા ચાલી રહી હતી.


ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧



નેશનલ ક્રાફ્ટ ફેર-2016
ભારતની ભવ્ય અને ભાતીગળ હાથશાળ - હસ્તકલા તથા ગ્રામોદ્યોગના કારીગરોનું જીવંત નિદર્શન - પ્રદર્શન એક જ સ્થળે માણવા તથા તેમની કલાકૃતિઓને ખરીદવાનો અમુલ્ય અવસર એટલે
તા. ૧૭ જાન્યુ. - ૨૩ જાન્યુ. ૨૦૧૬ / સમય :- સવારે ૧૧ થી રાત્રે ૯ સુધી
પ્રદર્શન સહ વેચાણ



Visit Today!
Free ENTRY | PARKING
માટીકામ, કચ્છી ભરતકામ, અજરખ બ્લોક પ્રિન્ટીગ, પ્રિન્ટેડ પોટરી, બન્ધેજ, વુલન શાલ, પિઠોરા પેન્ટીગ, લેધર કામ અને ઘણું બધું...
રાજ્ય / રાષ્ટ્રીય એવોર્ડી કારીગરોની કલાકૃતિઓ
૫૦ કારીગરો દ્વારા ક્રાફ્ટનું જીવંત નિદર્શન
૫૦૦ જેટલા ક્રાફ્ટ સ્ટોલ
CEPT દ્વારા થીમ પેવેલિયન અને સેમીનાર
NIFT દ્વારા ક્રાફ્ટ ઈનોવેશન પેવેલિયન
દરેક સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમો / ફુડ કોર્ટ
સ્થળ :- જી. એમ. ડી. સી. ગ્રાઉન્ડ, આલ્ફા મોલ રોડ , અમદાવાદ
આયોજક
ઈન્ડેક્ષ્ટ-સી
ગુજરાત સરકારની સંસ્થા
www.craftofgujarat.gujarat.gov.in
પ્રાયોજક
કમિશનર અને સચિવ
કુટિર અને ગ્રામોદ્યોગ, ગુજરાત સરકાર



હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82



RANGOLI INTERNATIONAL SCHOOL
APPOINTMENTS
• COUNSELOR : Graduate with 2 years of relevant experience
• MARKETING EXECUTIVE : Graduate, freshers can apply
• TEACHERS : Qualified with min. 2 years of teaching experience in CBSE School
• ADMIN INCHARGE : Graduate with 2 years of school admin experience
Mail your resume on cv.rangoli@gmail.com
RANGOLI INTERNATIONAL SCHOOL
G'nagar - Chiloda Highway, Nr. BSF Campus, Alampur, G'nagar